Name :- ભગત લીના રમેશભાઈ

Roll. no. :- 234

Std :- BA (sem-5)

PNR NO. :- COC 2025234

Sign :- leena

① ભગત લીના રમેશભાઈ
leena

Page No. | Date

(1) શૈક્ષણિક મનોવિજ્ઞાનની અભ્યાસ પદ્ધતિઓ તરીકે મુલાકાત અને પ્રશ્નાવલી પદ્ધતિ સવિસ્તાર વર્ણવો.

Ans.

(i) મુલાકાત પદ્ધતિ

મુલાકાત એક અભ્યાસ પદ્ધતિ પણ છે અને એક અભ્યાસ સાધન પણ છે, જેની મદદથી મહત્ત્વપૂર્ણ માહિતી એકત્રિત કરવામાં આવે છે. અંગ્રેજી શબ્દ 'Interview' બે શબ્દોનો બનેલો છે. એટલે કે Inter + view = Interview. અંગ્રેજી શબ્દ Inter નો અર્થ છે અંદર અને view નો અર્થ છે જોવું. આમ અંદર જોવાની પ્રક્રિયા એ જ મુલાકાત છે.

અહીં જે વ્યક્તિનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે તેઓની આંતરિક બાબતોમાં ડોકિયું કરવામાં આવે છે. મુલાકાત એક એવી પદ્ધતિ છે જેના દ્વારા આપણે અભ્યાસ એકમોના એવા અનુભવો અને વિચારો વગેરે વિશે માહિતી પ્રાપ્ત કરી શકીએ છીએ જેના વિશે આપણને પ્રત્યક્ષ રીતે કંઈ પણ દેખાતું નથી. મુલાકાતની અગત્યતા વિશે ઓલપોર્ટ નું કહેવું છે કે " જો આપણે જાણવા માગીએ છીએ કે લોકો કઈ રીતે અનુભવે છે, શું અનુભવે છે, શું યાદ રાખે છે, તેના આવેગો અને પ્રેરણા કેવા પ્રકારની છે તેઓના કાર્ય કરવાનું કારણ શું છે.. તો તેઓને જ આપણે કેમ પૂછી ન લઈએ?

ભગત લીના રમેશભાઈ
(2) leena

Page No.
Date

o મુલાકાતની વ્યાખ્યા :-

→ સામાન્ય રીતે બે કે તેથી વધુ વ્યક્તિઓ દ્વારા કોઈ વિશેષ હેતુ માટે આમને - સામને અથવા મોઢામોઢ કરવામાં આવેલ વાતચીતને જ મુલાકાત કહેવામાં આવે છે.

→ મુલાકાત આમને - સામને કરવામાં આવેલ એક પરસ્પર વાર્તાલાપ છે જેમાં એક વ્યક્તિ બીજુ વ્યક્તિ પાસેથી અમુક માહિતીઓ પ્રાપ્ત કરે છે.

- કેન્નિન (1970)

→ મુલાકાતનો અર્થ આમને - સામને મૌખિક વિચારોનું આદાન પ્રદાન છે જેમાં મુલાકાત લેનાર એવો પ્રયત્ન કરે છે કે બીજુ વ્યક્તિ કે વ્યક્તિઓ પાસેથી તેની માન્યતાઓ, મતો, અનુભવો, મનોવલણો અને વિચારો વિશે માહિતી પ્રાપ્ત કરી લેવામાં આવે છે

- મેકોબી તથા મેકોબી

o મુલાકાતના પ્રકારો :-

(A) અસંરચિત મુલાકાત :

આ પ્રકારની મુલાકાતના અનેક નામ છે, જેમ કે - અનિર્દેશિત મુલાકાત, અનિયંત્રિત મુલાકાત, અપ્રમાણિત મુલાકાત તથા અમાર્ગદર્શક મુલાકાત. આ પ્રકારની મુલાકાતમાં મુલાકાતકર્તાનું મુલાકાત પર કોઈ નિયંત્રણ નથી હોતું, એટલે કે

(3) leena

મુલાકાત કરતા પહેલા મુલાકાતની સંરચનાનું નિર્ધારણ મુલાકાતકર્તા નથી કરતો. ડી. એન. શ્રીવાસ્તવ આ પ્રકારની મુલાકાતની વ્યાખ્યા આપતા કહે છે કે "અસંરચિત મુલાકાત એવી મુલાકાત છે જેમાં મુલાકાત સંરચના અગાઉથી નક્કી નથી હોતી અને મુલાકાતકર્તાને ~~મુલાકાત~~ પોતાની સંશોધન સમસ્યાના સંબંધમાં પ્રશ્ન પૂછવાની સંપૂર્ણ સ્વતંત્રતા હોય છે તથા મુલાકાતકર્તાએ મુલાકાત પ્રક્રિયાને પરિવર્તિત કરવાની પણ સ્વતંત્રતા હોય છે. ઉત્તરદાતાના મનોભાવો અને મનોદશાઓની આવશ્યકતા અનુસાર તે મુલાકાત પ્રક્રિયામાં જરૂરી પરિવર્તન કરવા માટે સ્વતંત્ર હોય છે

આ પ્રકારની મુલાકાતનો ઉપયોગ અનેક અધ્યયનકર્તાઓએ પોતાના સંશોધનમાં સફળતાપૂર્વક કર્યો છે અને આ પ્રકારની મુલાકાતને અનેક રીતે ઉપયોગી ગણાવી છે

આ પ્રકારની મુલાકાતનો ઉપયોગ નૃવંશશાસ્ત્રીઓએ આદિમાત સમાજની સમસ્યાના અભ્યાસ માટે કર્યો છે. મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, શિક્ષણશાસ્ત્ર અને સમાજલક્ષી મનોવિજ્ઞાનની સમસ્યાઓના અભ્યાસો મુલાકાતની આ પદ્ધતિ દ્વારા ઘણાં બધા થયા છે આ પ્રકારની મુલાકાતનો ઉપયોગ સામાજિક સમસ્યાઓના અભ્યાસમાં તથા વ્યક્તિગત સમસ્યાઓના અભ્યાસમાં કરવામાં આવે છે.

(5) ભગત લીના રમેશભાઈ
leena

Page No.
Date

લાભ

- મુલાકાતની પ્રક્રિયાને જરૂરિયાતનુસાર પરિવર્તિત કરવાની સ્વતંત્રતા

- ઉત્તરદાતાની મનોદશાઓ અને મનોભાવો અનુસાર અભ્યાસની સુવિધા

- સંશોધન સમસ્યાને લગતા પ્રશ્નો પૂછવાની સ્વતંત્રતા

- વિશ્વસનીય અને શુદ્ધ પરિણામ

મર્યાદાઓ

- તાલીમ, અનુભવી અને કુશળ મુલાકાતકર્તાની આવશ્યકતા

- મહત્ત્વના પાસાઓની અવગણના થવાની સંભાવના

- પૂર્વગ્રહની અસર

- અનાવશ્યક માહિતીનું એકત્રીકરણ

- ~~અસ્પ~~ અસંતુલિત અભ્યાસ

5

ભગત લીના રમેશભાઈ
leena



(B) સંરચિત મુલાકાત :

સંરચિત મુલાકાત એવી મુલાકાત છે જેમાં મુલાકાતની સંરચના પૂર્વનિર્ધારિત હોય છે અને મુલાકાતકર્તાને સંશોધન સમસ્યાને લગતા નિશ્ચિત કે ચોક્કસ પ્રશ્નો સિવાય અન્ય પ્રશ્નો પૂછવાની સ્વતંત્રતા નથી હોતી તથા મુલાકાતકર્તાને મુલાકાતની પ્રક્રિયાને પણ પરિવર્તિત કરવાની સ્વતંત્રતા નથી હોતી. મુલાકાતકર્તા નિર્ધારિત મુલાકાત પ્રક્રિયા અને નિર્ધારિત પ્રશ્નો દ્વારા જ ચોક્કસ સમયમાં નિસ્પક્ષ રહીને મુલાકાતને પૂરી કરીને માહિતીનું એકત્રીકરણ કરે છે.

આ પ્રકારની મુલાકાતના અનેક નામ છે જેમ કે - નિયંત્રિત મુલાકાત, નિર્દેશિત મુલાકાત, પ્રમાણિત મુલાકાત તથા માર્ગદર્શક મુલાકાત. આ પ્રકારની મુલાકાતમાં મુલાકાતકર્તાનું મુલાકાત પર નિયંત્રણ હોય છે.

સંરચિત મુલાકાત પદ્ધતિમાં મુલાકાત કર્તા મુલાકાત લેતા પહેલાં જ પ્રશ્નોનું નિર્માણ કરી લે છે. મોટાભાગે આ રીતે બનાવવામાં આવતી પ્રશ્નાવલીને મુલાકાત અનુસૂચિ કહેવામાં આવે છે તેમાં તૈયાર કરવામાં આવેલ પ્રશ્નો એક નિશ્ચિત ક્રમમાં હોય છે અને સંશોધન સમસ્યા સાથે સંબંધિત દરેક પાસાંઓને લગતા હોય છે. મુલાકાતકર્તા આ પ્રશ્નાવલીમાં લખેલા પ્રશ્નો જ પૂછે છે.

(6) ભગત લીના રમેશભાઈ
leena

Page No.
Date

સંરચિત મુલાકાતનો સમય, સમયગાળો તથા સ્થળ નિશ્ચિત હોય છે એટલે કે મુલાકાત કેટલા વાગ્યે શરૂ થશે, મુલાકાતનો સમયગાળો કેટલો હશે તથા મુલાકાત ક્યાં સ્થળે લેવામાં આવશે વગેરે પૂર્વ નિશ્ચિત હોય છે. આમ સંરચિત મુલાકાતમાં એક ક્રમબદ્ધ મુલાકાત લેવામાં આવે છે કારણ કે તેમાં મુલાકાતની પ્રક્રિયા અને પ્રશ્નોનો ક્રમ નિશ્ચિત હોય છે મોટાભાગે આ પ્રકારની મુલાકાતનું સ્વરૂપ વસ્તુલક્ષી હોય છે. આ પ્રકારની મુલાકાતથી મોટાભાગની માહિતી પ્રાપ્ત થાય છે તે અંકોના સ્વરૂપમાં પ્રાપ્ત થાય છે. સંરચિત મુલાકાતની માહિતી જ્યારે અંકોના સ્વરૂપમાં પ્રાપ્ત થાય છે ત્યારે આવી માહિતીનું વિશ્લેષણ આંકડાશાસ્ત્રીય પદ્ધતિ દ્વારા સરળતાથી કરી શકાય છે. અને આ રીતે વિશ્વસનીય અને શુદ્ધ પરિણામ પ્રાપ્ત થાય છે

<u>લાભ</u>

- પક્ષપાતની ઓછામાં ઓછી અસર
- વસ્તુલક્ષીતા
- માપનમાં ચોકસાઈ
- વિશ્વસનીય પરિણામ
- તુલનાત્મક અભ્યાસમાં સહાયક
- નિયંત્રિત પરિસ્થિતિઓમાં અભ્યાસ

(7) ભગત રીના રમેશભાઈ
reena

Page No.
Date

<u>મર્યાદાઓ</u>

- નિષ્ક્રિય અભ્યાસ
- સ્વાભાવિકતાની કમી
- મુલાકાતના પ્રશ્નોના નિર્માણમાં મુશ્કેલી
- યથાર્થતાની કમી

(c) કેન્દ્રિત મુલાકાત અથવા અર્ધ સંરચિત મુલાકાત

આ પ્રકારની મુલાકાતમાં સંરચિત અને અસંરચિત મુલાકાત બન્નેનું મિશ્રિત સ્વરૂપ જોવા મળે છે. આ પ્રકારની મુલાકાતમાં અસંરચિત મુલાકાતના લક્ષણો ઓછા અને સંરચિત મુલાકાતના લક્ષણો વધુ જોવા મળે છે. આ વિશેષતાને કારણે જ આ પ્રકારની મુલાકાતને અર્ધ-સંરચિત મુલાકાત કહે છે. આ પ્રકારની મુલાકાતનુ અગત્યનું લક્ષણ એ છે કે તેના દ્વારા અભ્યાસ કરવામાં આવતી સંશોધન સમસ્યા કોઈ ઘટના કે પરિસ્થિતિ સાથે સંબંધિત હોય છે અને સંપૂર્ણ મુલાકાત આ ઘટના કે પરિસ્થિતિ પર જ કેન્દ્રિત હોય છે. આ માટે તેને કેન્દ્રિત મુલાકાત કહે છે. કેન્દ્રિત મુલાકાતની વ્યાખ્યા આપતા ડૉ. એમ. શ્રીવાસ્તવ જણાવે છે કે 'કેન્દ્રિત મુલાકાત એવી મુલાકાત છે જેમાં અધ્યયન કરવામાં આવતી સમસ્યાનો કોઈ ઘટના કે પરિસ્થિતિ સાથે સંબંધ હોય છે અને મુલાકાતકર્તા તેનો વધુમાં વધુ જાણકારી મેળવવા માગે છે. તે સમસ્યાના અધ્યયનમાં સંરચિત અને

(8) ભગત બીના રમેશભાઈ
1ee no

| Page No. | |
|---|---|
| Date | |

અને અસંરચિત મુલાકાત બન્ને પ્રકારની પદ્ધતિઓ નો પ્રયોગ કરે છે.

(ii) પ્રશ્નાવલી પદ્ધતિ

પ્રશ્નાવલી વર્તનિક સંશોધનોમાં માહિતી એકત્ર કરવાનું અને સંશોધન સમસ્યાઓ નુ અધ્યયન કરવાનું ઘણું પ્રચલિત અને લોકપ્રિય સાધન છે. પ્રશ્નાવલી એક એવા પ્રશ્નોની હારમાળા હોય છે જેમાં સંશોધન સમસ્યા સાથે સંબંધિત કેટલાય પ્રશ્નો આપવામાં આવ્યા હોય છે જેને ધ્યાનપૂર્વક વાંચીને ઉત્તરદાતા તેનો ઉત્તર પોતાના અનુભવના આધારે આપે છે અને ત્યારબાદ તે પ્રશ્નાવલી સંશોધનકર્તાને પરત કરે છે મોટાભાગે પ્રશ્નોને એક પુસ્તિકા કહેવામાં આવે છે. પ્રશ્નાવલીની વ્યાખ્યાઓ નીચે મુજબ આપવામાં આવી છે.

o મુલાકાતની વ્યાખ્યા :-

→ સામાન્ય રીતે પ્રશ્નાવલી એક એવું સાધન છે જેમાં એક ફોર્મની મદદથી ઉત્તર આપવામાં આવે છે તથા જેને ઉત્તરદાતા સ્વયં ભરે છે.

— ગુડે તથા હાટ્ટ

→ મોટા ભાગે એવા કોઈપણ સાધન માટે "પ્રશ્નાવલી" શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે જેમાં એવા પ્રશ્નો હોય છે જેનો ઉત્તર વ્યક્તિ પોતે આપે છે.

— એફ. એન. કરલિંગર

(9) ભગત લીના રમેશભાઈ
leena

Page No. / Date

## ० મુખ્ય પ્રશ્નાવલીના પ્રકારો

(A) નિશ્ચિત અથવા સીમિત વિગતોવાળી પ્રશ્નાવલી :

આ પ્રકારની પ્રશ્નાવલીને બંધ પ્રકારની પ્રશ્નાવલી પણ કહેવામાં આવે છે. આ પ્રશ્નાવલીની વિગતો કે પ્રશ્નોનું સ્વરૂપ એવું હોય છે કે જેનો ઉત્તર સીમાબંધ અથવા નિયંત્રિત હોય છે. આ પ્રકારની પ્રશ્નાવલીમાં પ્રત્યેક પ્રશ્ન કે વિગતના અમુક નિશ્ચિત ઉત્તરો આપી દેવામાં આવે છે અને આ જ ઉત્તરોમાંથી પસંદ કરીને ઉત્તરદાતા પોતાની પ્રતિક્રિયા આપે છે. અહીં આપેલ વિકલ્પોમાંથી જ ઉત્તરદાતાએ જવાબ આપવાનો હોય છે. આ પ્રકારની પ્રશ્નાવલીમા નીચે મુજબના પ્રશ્નો હોય છે.

દા.ત. :- પરંપરાગત વસ્ત્રો તમે ક્યારે પહેરો છો?
(અ) હંમેશા
(બ) તહેવાર સમયે
(ક) ભાગ્યે જ
(ડ) ક્યારેય નહીં

આમ, બંધ પ્રશ્નાવલીમાં ઉત્તરદાતાએ આપવામાં આવેલ વિકલ્પોમાંથી પોતાનો ઉત્તર પસંદ કરવાનો હોય છે. આ વિકલ્પોમાંથી કોઈ એક ઉત્તર દરેક ઉત્તરદાતા માટે સાચો ન પણ હોઈ શકે અને એવું પણ ન બની શકે કે એક જ સરખો ઉત્તર દરેક ઉત્તરદાતા આપે.

(10) ભગત બેના રમેશભાઈ
leena

<u>લાભ</u>

- સ્કોરિંગ સરળ
- ઉત્તર આપવામા સરળતા
- સમયનો બચાવ

<u>મર્યાદા</u>

- અંગત વિચારો જાણી શકાતા નથી
- સીમિત વિકલ્પો

(B) વિસ્તૃત - વિગતોવાળી પ્રશ્નાવલી :

આ પ્રકારની પ્રશ્નાવલીને ખુલ્લી પ્રશ્નાવલી પણ કહે છે આ પ્રકારની પ્રશ્નાવલીમાં ઉત્તરદાતા આપવામાં આવેલ પ્રશ્નોનો જવાબ પોતાના શબ્દોમાં આપે છે. અહીં સંશોધનકર્તા દ્વારા પ્રશ્નોના જવાબ માટે કોઈ પ્રતિક્રિયા વિકલ્પ આપવામાં આવતા નથી. ઉત્તરદાતા આપવામાં આવેલ પ્રશ્નોને વાંચીને, તેને સમજીને તેનો ઉત્તર પોતાના શબ્દોમાં પ્રશ્નોની નીચે આપવામાં આવેલ ખાલી જગ્યામાં લખે છે. આ પ્રકારના પ્રશ્નોના ઉત્તર તે એક પંક્તિમાં કે એક થી અધિક પંક્તિઓમાં આપી શકે. આ પ્રકારના પ્રશ્નો નીચે મુજબ હોઈ શકે.

દા.ત. (1) લોક સંસ્કૃતિને આવનારી પેઢી સુધી સાચવવા માટે શું કરવું જોઈએ?

(11) ભગત લીના રમેશભાઈ
Leena

## (C) સંરચિત પ્રશ્નાવલી ::

સંરચિત પ્રશ્નાવલી સામાજિક સર્વેક્ષણ અથવા સંશોધનમાં ઉપયોગમાં લેવાતી એવી પ્રશ્નાવલી છે જેની રચના વાસ્તવિક અભ્યાસ શરૂ થતા પહેલાં જ કરી લેવામાં આવે છે અને સામાન્ય રીતે ત્યારબાદ તેમાં કોઈ પરિવર્તન નથી કરવામાં આવતું. આ પ્રકારની પ્રશ્નાવલીની વ્યાખ્યા આપતાં પી. વી. યંગ જણાવે છે કે "સંરચિત પ્રશ્નાવલી એક એવું સાધન છે જેમાં નિશ્ચિત, મૂર્ત અને પૂર્વ નિર્ધારિત પ્રશ્નો હોય છે. પ્રશ્નાવલીના પ્રશ્નો પહેલેથી તૈયાર રાખવામાં આવે છે. આ પ્રકારની પ્રશ્નાવલીમાં પ્રશ્નોના ક્રમ નક્કી કરવામાં આવે છે અને સમસ્યાના અભ્યાસ પહેલાં જ પ્રશ્નોનું નિર્માણ કરી લેવામાં આવ્યું હોય છે. આ પ્રશ્નાવલીમાં પ્રશ્નો ખુલ્લાં પ્રકારના હોઈ શકે છે તથા બંધ પ્રકારના પણ હોઈ શકે છે.

**લાભ**

- પોતાના મત જણાવવાની અભિવ્યક્તિ
- ગહન જાણકારી પ્રાપ્ત થાય.

**મર્યાદા**

- વસ્તુલક્ષિતાનો અભાવ
- માહિતી એકત્રીકરણમાં વધારે સમય લાગી જાય છે.

(12) ભગત લીના રમેશભાઈ
leena

| Page No. | |
|---|---|
| Date | |

(D) અસંરચિત પ્રશ્નાવલી:

આ પ્રકારની પ્રશ્નાવલીની વ્યાખ્યા આપતા કેન્દ્ર જણાવે છે કે " અસંરચિત પ્રશ્નાવલી એવી પ્રશ્નાવલી છે જેમાં અમુક નિશ્ચિત વિષય ક્ષેત્રોનો સમાવેશ કરવામાં આવે છે અને આ વિષયો વિશે મુલાકાત દરમ્યાન જ માહિતી મેળવવામાં આવે છે પરંતુ આ પ્રકારની પ્રશ્નાવલીમાં પ્રશ્નનું સ્વરૂપ અને ક્રમ નક્કી કરવામાં સંશોધનકર્તાને ઘણી સ્વતંત્રતા હોય છે. પી.વી. યંગ જણાવે છે કે "અસંરચિત પ્રશ્નાવલી - મુલાકાત નિર્દેશિકાની સમાન હોય છે આ પ્રકારની પ્રશ્નાવલીમા પ્રશ્નોનું નિર્માણ પહેલેથી નથી કરવામાં આવતું, તેમાં માત્ર વિષય જ લખેલા હોય છે જેના આધારે માહિતી એકત્રિત કરવામાં આવે છે

(E) ચિત્રમય પ્રશ્નાવલી:

સામાન્ય રીતે પ્રશ્નાવલીનો ઉપયોગ માત્ર શિક્ષિત સમૂહ માટે કરવામાં આવે છે, પરંતુ જો કોઈ સમૂહ ઓછો શિક્ષિત છે અને વળી અહીં તેઓની સાથે કોઈ કારણોસર પ્રત્યક્ષ સંપર્ક સ્થાપિત કરવો મુશ્કેલ છે તો આવી પરિસ્થિતિમાં ચિત્રમય પ્રશ્નાવલી દ્વારા માહિતી એકત્રીત કરવામાં આવે છે. આવી પ્રશ્નાવલીમાં પ્રશ્નને બહુ સરળ રીતે રજૂ કરવામાં આવે છે. દા.ત., પ્રશ્ન એ પ્રકારનો છે કે તમે ગામડામાં રહેવાનું પસંદ કરશો કે શહેરમાં? હવે પ્રશ્નની નીચે ગામડા તથા શહેરનું ચિત્ર દોરેલું દર્શાવવામાં આવે છે અને ઉત્તરદાતા

(13) ભગત લીના રમેશભાઈ

leena

સરળતાથી કોઈ એક પર ચિહ્ન લગાવીને પોતાની પસંદગી અભિવ્યક્ત કરે છે. બાળકોના મનોવલણો અથવા રુચિઓનો અભ્યાસ કરવા માટે પણ આવી પ્રશ્નાવલીનો ઉપયોગ કરવામાં આવે છે.

(F) મિશ્રિત પ્રશ્નાવલી :

મિશ્રિત પ્રશ્નાવલી એવી પ્રશ્નાવલીને કહેવામાં આવે છે જેમાં કોઈ એક પ્રકારના પ્રશ્નો ન હોતા અનેક પ્રકારના પ્રશ્નો હોય છે. આવી પ્રશ્નાવલીમાં બંધ પ્રશ્નો, ખુલ્લા પ્રશ્નો, ચિત્રમય પ્રશ્નો, સંરચિત - અસંરચિત પ્રશ્નો વગેરેમાંથી કોઈ પણ પ્રકારના પ્રશ્નો હોય છે.